# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-11-2024 Morning : 7.45 to 7.55
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં એનડીએને સ્પષ્ટ જનાદેશઃ ઝારખંડમાં ઇન્ડી ગઠબંધન સરકાર રચશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં 'ઓડિશા પર્વ 2024' કાર્યક્રમમાં ભાગ લેશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં પોતાનાં વિચારો રજૂ કરશે

4) હવામાન વિભાગની તમિલનાડુ, આંધ્ર પ્રદેશ સહિત દક્ષિણના રાજ્યોમાં પાંચ દિવસ સુધી અતિભારે વરસાદની આગાહી

5) ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે પર્થમાં રમાઈ રહેલી ટેસ્ટ ક્રિકેટ મેચમાં ભારતની મજબૂત પકકડઃ ભારતની લીડ 200ને પાર પહોંચી

- .

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAHARASHTRA JHARKHAND ASSEMBLY ELECTIONS

ભાજપના વડપણ હેઠળના મહાયુતિ ગઠબંધનનો મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય થયો છે. જ્યારે ઝારખંડની વિધાનસભાની ચૂંટણીમાં ઇન્ડિયા ગઠબંધને સત્તા જાળવી રાખી છે.

મહારાષ્ટ્રમાં, કુલ 288 બેઠકોમાંથી, ભાજપને 132 બેઠકો મળી છે, જ્યારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ 57 બેઠકો અને અજિત પવારની આગેવાની હેઠળની NCPને 41 બેઠકો મળી છે.

બીજી તરફ  કોંગ્રેસે 16 બેઠકો જીતી છે, જ્યારે NCP શરદ પવાર જૂથને 10 બેઠકો મળી છે. શિવસેના (UBT)એ 20 બેઠકો પર જીત મેળવી છે અને અન્યને ફાળે 12 બેઠકો આવી છે. તો ઝારખંડમાં, કુલ 81 બેઠકોમાંથી, શાસક પક્ષ જે.એમ.એમે. 34 બેઠકો મળી છે, જ્યારે કોંગ્રેસે 16 બેઠકો જીતી છે. આરજેડીને 4 સીટો, બીજેપીને 21 સીટો અને અન્યને 6 સીટો મળી છે.

# PM-POLL-VICTORY.RTF

પક્ષના મુખ્યાલય ખાતે કાર્યકર્તાઓને સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ચૂંટણી પરિણામ નકારાત્મક રાજકારણની હાર છે. તેમણે કહ્યું કે આ ચૂંટણીમાં મહારાષ્ટ્રે વિકસિત ભારતનો સંકલ્પ મજબૂત કર્યો છે.

બાઈટ પીએમ

સમગ્ર દેશમાં માત્ર એક જ બંધારણ લાગુ છે અને તે બંધારણ બાબા સાહેબ આંબેડકરનું બંધારણ છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે હવે દુનિયાની કોઈ પણ શક્તિ કલમ 370 પાછી લાવી શકશે નહીં. તેમણે ભારતની પ્રગતિને આગળ ધપાવવા વૈશ્વિક સ્તરના આધાર માળખાને સ્થાપિત કરવા પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

# JHARKHAND-GOVT-FORMATION.RTF

ચૂંટણી પરિણામો જાહેર થતાંની સાથે ઝારખંડમાં સરકાર બનાવવાની કવાયત શરૂ થઈ છે. ઈન્ડિયા ગઠબંધનના નવા ચૂંટાયેલા ધારાસભ્યો તેમના નેતાની પસંદગી કરવા આજે રાંચીમાં બેઠક કરશે. આ બેઠક મુખ્યમંત્રી હેમંત સોરેનના સત્તાવાર નિવાસસ્થાને બોલાવવામાં આવી છે.

જેએમએમ, કોંગ્રેસ, આરજેડી અને સીપીઆઈ(એમએલ)ના નવા ચૂંટાયેલા ધારાસભ્યો બેઠકમાં હાજરી આપશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હેમંત સોરેનને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવે તેવી શક્યતા છે. નેતા તરીકે ચૂંટાયા બાદ હેમંત સોરેન રાજ્યમાં નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

# ALL PARTY MEETING

સંસદના શિયાળુ સત્રનો આવતીકાલથી આરંભ થશે. આ સત્રમાં કામગીરી સરળતાથી થઈ શકે હેતુથી ચર્ચા કરવા કેન્દ્ર સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહના અધ્યક્ષપદે સર્વપક્ષીય બેઠક યોજાશે.

ઉલ્લેખનીય છે કે, 25 નવેમ્બરથી શરૂ થનાર શિયાળુ સત્ર આગામી 20મી ડિસેમ્બર સુધી યોજાશે. જોકે 26મી નવેમ્બરે બંધારણ દિવસ હોવાથી સંસદની બેઠક યોજાશે નહીં.

# PM-ODISHA-PARBA.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ‘ઓડિશા પર્વ 2024’ કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ સભાને સંબોધન કરશે. આ કાર્યક્રમનો ઉદેશ્ય રાજ્યના જીવંત સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય નૈતિકતાનું પ્રદર્શન કરવાનો છે. દિલ્હી ખાતેના ઓડિયા સમાજ આયોજિત આ કાર્યક્રમનું આજે સમાપન થશે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# PREZ---TEG-BAHADUR.RTF

શીખોના નવમા ગુરુ ગુરુતેગ બહાદુરનો આજે શહીદી દિવસ આજે મનાવવામાં આવી રહ્યો છે. ગુરુ તેગ બહાદુરે ધર્મ, માનવીય મૂલ્યો, આદર્શો અને સિદ્ધાંતોની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. ગુરુ તેગ બહાદુરની શહાદતને દર વર્ષે શહીદી દિવસ તરીકે યાદ કરવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુરુ તેગ બહાદુરને શ્રદ્ધાંજલિ પાઠવતા પોતાના સંદેશમાં કહ્યું છે કે, ગુરુ તેગ બહાદુરે મહાન આધ્યાત્મિક માર્ગદર્શક અને સાચા દેશભક્ત હતા. રાષ્ટ્રપતિ મુર્મુએ લોકોને ગુરુ તેગ બહાદુરના ઉપદેશોને અપનાવવા અને તેમના જીવનમાં તેમના મહાન આદર્શોને અનુસરવા કહ્યું હતું.

# PRESIDENT-SAHITYA-AAJ-TAK.RTF

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સાહિત્ય માનવતાને સશક્ત અને સમાજને શ્રેષ્ઠ બનાવે છે. ગઈકાલે નવી દિલ્હીમાં સાહિત્ય આજતક સન્માન સમારોહમા સંબોધન કરતાં તેમણે  આ મુજબ જણાવ્યું હતું. સુશ્રી મૂર્મૂએ કહ્યું કે સાહિત્ય બદલાતા સંજોગો અનુસાર માનવતાના શાશ્વત મૂલ્યોનુ ઘડતર કરેછે. તેમણે કહ્યું કે દેશના પ્રાદેશિક સાહિત્યના કાર્યોમાં અખંડ ભારતની ચેતના હંમેશા હાજર રહી છે.

# IMD-WEATHER.RTF

ભારતીય હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, તટીય આંધ્રપ્રદેશ, યાનમ અને રાયલસીમામાં પણ આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે બંગાળની ખાડી, આંદામાન સમુદ્ર અને આસપાસના વિસ્તારોમાં માછીમારોને નહીં જવાની સલાહ આપી છે. આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન રાત્રે અને સવારના કલાકોમાં મધ્યમ થી  ગાઢ ધુમ્મસની છવાયેલું રહેવાની શક્યતા  છે.

# JAISHANKAR-ITALY-VISIT.RTF

વિદેશ મંત્રી ડૉ.સુબ્રમણ્યમ જયશંકર આજથી ઇટલીની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે જશે. ડૉ. જયશંકર ફિઉગ્ગીમાં G-7 વિદેશ મંત્રીઓની એક બેઠકમાં ભાગ લેશે. બેઠકમાં ભારતને અતિથિ દેશતરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ઉપરાંત, તેઓ ઇટાલીના વિદેશ મંત્રી અને G-7 દેશોના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.તેઓ રોમમાં M.E.D ભૂમધ્ય સંવાદની 10મી આવૃત્તિમાં પણ ભાગ લેશે. ડો. જયશંકર રોમમાં ભારતીય દૂતાવાસના નવા પરિસરનું પણ ઉદ્ઘાટન કરશે.

# JAISHANKAR-CONCLAVE.RTF

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે વિશ્વ ભારતને કેવી રીતે જુએ છે તેમાં પરિવર્તન આવ્યું છે. 8મા ઈન્ડિયા આઈડિયા ઝકોન્ક્લેવને વિડીયો માધ્યમથી સંબોધન કરતાં ડૉ. જયશંકરે કહ્યું કે છેલ્લા દાયકામાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે અને ભારત હવે વેપાર કરવા માટે વધુ સરળ હોવાનું માનવામાં આવે છે. તેમણે કહ્યું કે આજે વિશ્વ ભારતના ડિજિટલ વ્યવહારોમાં પ્રગતિની વિશ્વ નોંધ લઈ રહ્યું છે. તેમણે કહ્યું કે છેલ્લા દાયકાની સિદ્ધિઓ વૈશ્વિક ધોરણોથી પણ અલગ છે.

# AUSTRALIA VS INDIA, 1ST TEST AT PERTH

ઓસ્ટ્રેલિયાના પર્થમાં રમાઈ રહેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતે પહેલી ઇનિંગમાં ઓસ્ટ્રેલિયાને 104 રને ઓલઆઉટ કરીને 46 રનની સરસાઈ મેળવી છે. ભારતે બીજી ઇનિંગમાં વિના વિકેટે 172 રન નોંધાવ્યા છે. આ સાથે ભારતની કુલ સરસાઈ 218 રનની થઈ છે.

# TENNIS-ATP-CHALLENGER-TOUR.RTF

ભારતના એન. શ્રી રામબાલાજી અને ઋત્વિક બોલિપલ્લીની જોડીએ એટીપી ટેનિસ ચેલેન્જર ટુરનો પુરુષ ડબલ્સનો ખિતાબ જીતી લીધો છે. ઇટાલીમાં રમાયેલી ફાઇનલ મેચમાં ભારતીય જોડીએ ફ્રાન્સના થિયો એરિબેસ અને પોર્ટુગલના ફ્રાન્સિસ્કો કેબ્રાલની જોડીને હરાવી  હતા. આ  અગાઉ બોલિપલ્લીએ ગયા મહિને કઝાકિસ્તાનમાં અલ્માટી ઓપનમાં અર્જુન કાધે સાથે ખિતાબ જીત્યોં હતો.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં સમાચાર આજનાં તમામ દૈનિકોની હેડલાઇન છે. વિવિધ અખબારોએ રસપ્રદ શિર્ષક આપ્યા છે. ગુજરાત સમાચાર લખે છે- મહારાષ્ટ્રમાં મહાયુતિનો મહોત્સવ-આઘાડીમાં આક્રંદ
- દિવ્ય ભાસ્કરનું હેડીંગ છે- ભાજપ મહાઅઘાડી.... કોંગ્રેસ મહાપિછાડી, તો સંદેશ લખે છે- મહારાષ્ટ્રમાં મહાયુતિનો મહાવિજય, કોંગ્રેસ સાફ
- ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ આકર્ષક હેડલાઇનમાં લખ્યું છે- લાડકી પાવર્સ મહાસિવ સેફ્રોન વેવ
- સંદેશ જણાવે છે કે, વિધાનસભાની 46 બેઠકની પેટાચૂંટણીમાં 24 બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે
- પરિણામ બાદ મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી કોણ બનશે તેની અટકળો શરૂ થઈ ગઈ છે, ત્યારે ટાઇમ્સ ઓફ ઇન્ડિયા પ્રથમ પાને લખે છે કે,- ભારતીય જનતા પાર્ટી ફડનવિસ માટે દાવો કરશે
- સંદેશનાં પ્રથમ પાનાનાં અહેવાલ પ્રમાણે ગૌતમ અદાણી અને તેમનાં ભત્રીજા સાગરને લાંચ કેસમાં US SEC દ્વારા સમન્સ પાઠવાયું
- ગુજરાત સમાચારના સ્થાનિક પાનાના અહેવાલ પ્રમાણે લસણનો કિલોનો ભાવ 500 રૂપિયા- મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું
- લોકોની ફરિયાદોનું નિવારણ લાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હવે AIના સહારે- આ સમાચાર પણ તમામ દૈનિકોમાં પ્રસિદ્ધ થયા છે.

- અનિલ પટેલ